# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૯૫ તા. ૨-૧૧-૧૭**

જ્ઞાનકુંજ શાળાઓના મુખ્ય શિક્ષકો માટે :-

વિષય:- "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ હેઠળના ઇન્ટરેકિટવ ક્લાસ નો ધોરણ ૫ થી ૮ ના અન્ય વર્ગોના બાળકોને રોટેશન પધ્ધતિથી શિક્ષણ આપવા બાબત.

સદંર્ભ:- સચિવશ્રી,એસ.એસ.એ., ગાધીંનગર ના પત્રક્રમાક SSA/MIS/2017/44033-70 તા.૦૨/૧૧/૨૦૧૭.

૧. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની જ્ઞાનકુંજ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આપની શાળામાં ધો-૭ અને ધો-૮ ના વર્ગખંડોમાં ઇન્ટરેકિટવ બોર્ડ, પ્રોજેક્ટર-લેપટોપ અને ઇ-કન્ટેન્ટની મદદથી શિક્ષણ આપવામાં આવે છે. સદર જ્ઞાનકુંજ શાળાઓ પૈકી અમુક શાળાઓમાં ધોરણ ૭ અને ૮ ના અન્ય વધારાના વર્ગો પણ કાર્યરત છે. આ વધારાના વર્ગો અને ધોરણ ૫ અને ૬ ના વર્ગોના બાળકોને પણ શિક્ષણકાર્ય માટે જ્ઞાનકુંજ ઇન્ટરેક્ટિવ ક્લાસનો લાભ મળી શકે તેમ છે. આ માટે ઇન્ટ્રેક્ટિવ ક્લાસમાં રોટેશન પધ્ધતિથી ખાસ કરીને વિજ્ઞાન વિષયનું શિક્ષણ જ્ઞાનકુંજ ઇન્ટરેક્ટિવ ક્લાસની મદદથી આપવામાં આવે તે માટે ઇન્ટરેક્ટિવ ક્લાસમાં રોટેશન પધ્ધતિથી ધોરણ ૫ થી ૮ ના અન્ય વર્ગોના બાળકોને ભણાવવા રોજનો એક તાસ ગોઠવી શિક્ષણ આપવા આયોજન કરી અમલ કરવા જણાવવામાં આવે છે.

૨. સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ એસ.એસ.એ. દ્વારા જ્ઞાનકુંજ મોનિટરીંગ સીસ્ટમ અંતર્ગત શાળા કક્ષાએ પ્રોજેક્ટની કામગીરીના રીપોર્ટીંગ માટે આ સાથે બિડાણમાં સામેલ જ્ઞાનકુંજ મોનિટરીંગ સિસ્ટમ અંતર્ગત શાળા કક્ષાએ પ્રોજેક્ટની કામગીરીના રીપોર્ટીંગ અંગેની માર્ગદર્શિકાનો અભ્યાસ કરી તે અનુસાર કામગીરી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: જ્ઞાનકુંજ મોનિટરીંગ સિસ્ટમ અંતર્ગત શાળા કક્ષાએ પ્રોજેક્ટની કામગીરીના રીપોર્ટીંગ અંગેની માર્ગદર્શિકા.

તા.૨-૧૧-૧૭


ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# જ્ઞાનકુંજ મોનિટરીંગ સીસ્ટમ અંતર્ગત શાળા કક્ષાએ પ્રોજેક્ટની કામગીરીના રીપોર્ટીંગ અંગેની માર્ગદર્શિકા


*GYANKUNJ MONITORING SYSTEM*

*USER INSTRUCTIONS MANUAL*

સૌ પ્રથમ http://gyankunj.org તમારા બ્રાઉઝર પર ઓપન કરો.





ત્યારબાદ Login Menu પર Click કરવું.




# શાળાના મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રી માટેઃ

સૌપ્રથમ Login પેજમાં જે તે શાળાના મુખ્ય શિક્ષકશ્રી / આચાર્યશ્રીએ પોતાની શાળાના Username(SchoolCode) અને Password થી Login કરવાનું રહેશે.

પ્રથમવાર LOGIN થયા બાદ Terms and Conditions પર Agree બટન પર ક્લિક કરવાનું રહેશે.




Login થયા બાદ પહેલી વાર શાળાના ધો.૭ અને ધો.૮ના જે વર્ગખંડોને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ટરેક્ટિવ બનાવવામાં આવેલ છે તે વર્ગખંડ દીઠ એક નોડલ શિક્ષક એમ કુલ બે શિક્ષકો Add કરવાના રહેશે.





ત્યાર બાદ મુખ્ય શિક્ષકે Add કરેલા નોડલ વર્ગખંડ શિક્ષક તેમના username અને Password થી Login કરી શકાશે.


DashBoard પર મુખ્ય શિક્ષક જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાને મળેલા હાર્ડવેરની માહિતી જોઈ શકશે.





જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાને મળેલા હાર્ડવેરને લગતી કોઇ પણ સમસ્યા માટે મુખ્ય શિક્ષકે નવી Complain કરવા Add બટન પર ક્લિક કરવાનું રહેશે.




મુખ્ય શિક્ષક Hardware ને લગતી નોંધાવેલ તમામ Complain તેના Complain List માં જોઈ શકશે.





મુખ્ય શિક્ષક Holiday List જોવા માટે Holiday List પર ક્લિક કરવાનું રહેશે.




ત્રણ માસના હેન્ડ હોલ્ડિંગ સમયગાળા દરમ્યાન મુખ્ય શિક્ષકે TSP Attendance નોંધવા માટે TSP Attendance પર ક્લિક કરવાનું રહેશે.





અને પહેલી વાર TSP Add કર્યા બાદ રોજે રોજ ની TSP ની હાજરી પુરવાની રહેશે.



ત્રણ માસના હેન્ડ હોલ્ડિંગ અને તાલીમના સમયગાળા દરમ્યાન મુખ્ય શિક્ષકે Training માટે Teacher Add કરવા માટે Training પર ક્લિક કરવાનું રહેશે.





Training માટે Teacher Add કર્યા બાદ તેમણે મેળવેલ Trainingના લેવલ (1-Basic Level, 2-Comfort Level, 3- Expertise level) સેટ કરી શકશે.




જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના ધો.૭ અને ધો.૮ના જે વર્ગખંડોને ઇન્ટરેક્ટિવ બનાવવામાં આવેલ છે તે વર્ગખંડ દીઠ એક નોડલ શિક્ષક એમ કુલ બે શિક્ષકો Add કરવાના રહેશે.

# ***<u>ઇન્ટરેક્ટિવ વર્ગખંડના નોડલ શિક્ષકશ્રી માટે:</u>***


પ્રથમવાર LOGIN થયા બાદ Terms and Conditions પર Agree બટન પર ક્લિક કરવાનું રહેશે.




DashBoard પર  શિક્ષક તેના ક્લાસને મળેલા હાર્ડવેર જોઈ શકશે.




Holiday List જોવા માટે Holiday List પર ક્લિક કરવાનું રહેશે.



શિક્ષકે નવી Complain કરવા Add બટન પર ક્લિક કરવાનું રહેશે.




શિક્ષક Hardware ને લગતી કોઈ પણ Complain તેના Complain List માં જોઈ શકશે.

નોડલ શિક્ષકશ્રીએ ઇન્ટરેક્ટિવ વર્ગખંડમાં થયેલ Daily Activity રીપોર્ટ કરવા માટે Add Daily Activity પર ક્લિક કરવાનું રહેશે.

